# પાલનપુરમાં વાવાઝોડા સાથે મેઘરાજાના અમી છાંટણા





પાલનપુરમાં ઉનાળાની કાળઝાળ ગરમી અને અસહ્ય ઉકળાય વચ્ચે આજે ઢળતી સાંજે હવામાન પલટાતા ભારે ફવન ફુંકાયો હતો. ગરમીના પ્રકોપ વચ્ચે ઠંડા પવનના સુસવાટાને પગલે વાતાવરણમાં ઘડીભર ઠંડક ફેલાતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. મેઘરાજાના આગમનની છડી પોકારવાની સાથે ભારે પવન ફુંકાતા રોડ પર ધુળની ડમરીઓ ફરી વળી હતી. જેના પગલે જાહેરમાર્ગો પર વાતાવરણ ધૂંધળું બનતા વાહનચાલકોને ભારે અગવડતાઓનો સામનો કરવો પડ્યો હતો. જોકે, અસહ્ય બફારા વચ્ચે ભારે પવન ફુંકાવાની સાથે મેઘરાજાએ અમી છાંટણા કરતા આ વર્ષે મેઘરાજાનું વહેલું આગમન થાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. દરમિયાન, વાવાઝોડાનાં પગલે શહેરના કેટલાક વિસ્તારોમાં વીજળી ડુલ થઈ જવાની સાથે ક્યાંક હોર્ડીંગ્સ કે પતરાં ઉડી જવાના બનાવો પણ બન્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# તલોદમાં લગ્નોસરાની સિઝનમાં ચા કરતા દારૂ સસ્તો મળે છે

## પોલીસની મહેરબાની ચા કદાચ ન મળે પરંતુ દારૂ તો ચોવીસે કલાક મળે છે

તલોદ, તા. ૧૦

તલોદમાં લગ્નસરાની સિઝન ધૂમ ચાલી રહી છે. બજારોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. નાના-મોટા વહેપારીઓ પોતપોતાના ધંધામાં વ્યસ્ત રહે છે. જ્યારે તલોદ પોલીસની મહેરબાનીથી બૂટલેગરો અને અસામાજીક તત્વોનો રાફડો ફાટી નીકળ્યો છે. ખૂલ્લેઆમ દારૂનુ ધૂમ વેચાણથી ભાવોમાં ધણો ઘટાડો થયો છે. આ કદાચ ના મળે પરંતુ દારૂ તો સસ્તા ભાવે ચોવિસે કલાક મળી રહે છે. ૧૫ રૂ.ની ચા જ્યારે ૧૦ની પોટલી બજારોમાં ખુલ્લેઆમ વેચાય છે.

દારૂના બૂટલેગરો અને પોલીસના હપ્તાખોરીની સાંઠગાઠથી ફોલ્ડરીયા હોમડીલીવરી પણ કરે છે. ભરચક બજારોમાં દારૂનુ સેવન કરી અસામાજીક તત્વો સ્થાનિક વહેપારી આલમમાં રંજાડ ઉભી કરી છે. સામાજીક અને રાજકીય આગેવાનો પોલીસની રક્ષણ કામગીરી સામે એક પ્રશ્નાર્થ ઉભો થયો છે. પ્રોહિબીશન કેસો વિશે તંત્રને પુછતાછ કરતા સબસલામતની ભાવના પ્રગટ કરાઈ હતી. ચા અને ઠંડા પીણા કરતાં દારૂના અડ્ડાઓ ચોવિસે કલાક ધમધમી ઉઠ્યા છે. હપ્તાખોરીએ પોલીસનું જાણે લોહિ પાતળુ કર્યુ છે લગ્નોની સિઝનમાં જથ્થાબંધ દારૂ ખરીદનારને ૨૫ રૂ.ની ૩ પોટલી ભાવથી અપાય છે. જેથી ધરખમ ભાવ ઘટાડો બૂટલેગરોમાં વેચાણ માટે રસાકસી ઉભી થઈ છે.

લગ્નોની સિઝનમાં દારૂના સતત સેવનથી કેટલાય યુવાધન બરબાદ થયા છે. નાની વયમાં કેટલીય મહિલાઓ વિધવા શ્રાપિત બની છે પરંતુ કાયદો વ્યવસ્થા ગાંધીના ગુજરાતમાં દારૂના અડ્ડાઓ સતત ફાલ્યા ફૂલ્યા છે. પોલીસ માટે બૂટલેગરો કમાઉ દિકરા ગણાય છે. તલોદ પોલીસ મથકમાં મહિને લાખ્ખોનું ભરણ અડ્ડા માલિકો આપી રહ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં તલોદ વેપારી આલમ ઉચ્ચ કક્ષાએ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જેમાં દારૂનું વેચાણ પણ મોખરે સ્થાન મેળવે છે. અસામાજીક તત્વો અને બૂટલેગરોના ત્રાસથી તલોદની સુખ-શાંતિ જનતા ભગવાન ભરોસે જીવે છે અને બૂટલેગરોને જબ્બે કરી દારૂ ઝડમૂળી ઉખેડવા ઉગ્ર રજુઆત કરી રહ્યા છે.

## ખેરોજ પોલીસ સ્ટેશનના સીમલીયા ગામેથી ૬૪,૮૦૦નો દારૂ ઝડપાયો

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેરોજ પોલીસ સ્ટેશનથી મળતી વિગતો મુજબ અરજણસિંહ વાઘજી સોલંકી (મહોબતગઢ, દાંતા) અને જમાલભાઈ નાથુભાઈ ખટીક (નવાવાસ, દાંતા)નાઓ શુક્રવારના રોજ સાંજના સમયે પોતાની મારૂતી અલ્ટો કાર નં. જીજે-૮-એજી-૭૧૧૬માં પ્રોહિ. પ્રતિબંધક એરીયામાં ઈંગ્લિશ દારૂ તથા બિયરની જુદી જુદી બ્રાન્ડની ૨૬૦ બોટલોની કુલ કિંમત ૬૪,૮૦૦ લઈ નથ્થુરામ હિરાલાલ કટીક (મામેર)થી લઈ આવતા પોલીસે ઝડપી પાડ્યા હતા. એલ.સી.બી.ના એ.વી. ચોલીયાએ દારૂની ૨૦ પેટી ૬૪,૮૦૦ સહીત રોકડ રકમ ૧૩,૪૦૦, મોબાઈલ રૂ. ૧૫૦૦ અને અલ્ટો કાર રૂ. ૨ લાખ મળી કુલ ૨,૮૦,૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ખેરોજ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાવ્યો છે.



કાંકરેજમાં ગાજવીથ - પવન સાથે હળવા વરસાદી છાંટણા...

કાળઝાળ ગરમીને બફારે છેલ્લા કેટલાક દિવસોથી જનજીવન અસ્ત-વ્યસ્ત કરી નાખ્યું છે. લગ્નસરાની સિઝનને કૃષિ પાકો તૈયાર થતાં માનવજીવન વ્યસ્ત છે તો બીજી તરફ કુદરત અચાનક કરવટ બદલે છે. અરબી સમુદ્રમાં સર્જાયેલ લો પ્રેશરના કારણે ગઈકાલે કાંકરેજ તાલુકાના કેટલાક વિસ્તારમાં બપોરના ત્રણ વાગ્યા બાદ હવામાનમાં પલટો આવ્યો હતો ને વીજળીના ચમકારા ને ગગડાટ વચ્ચે પવનના સૂસવાટાથી હળવા વરસાદી છાંટણા થયા હતા તો કેટલાક વિસ્તારોના તળીયે પાણી પણ ટપક્યાં હતાં. કૃષિ પાક બજારમાં લાવવાની તૈયારીને લગ્નસરા બંને વચ્ચે અચાનક પલટાયેલા હવામાનથી લોકોમાં દોડાદોડી જોવા મળી હતી તો કાળઝાળ ગરમી - બાફમાંથી અબોલ પશુ - પક્ષીઓને રાહત મળી હોય તેમ કલરવ કરતાં આકાશમાં વિહરતાંને ધરતી પર ખુશખુશાલ જોવા મળ્યાં હતા.

## હવેથી અમદાવાદીઓને પણ ઓનલાઈન ટેક્સની સુવિધા

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરના લોકોને અત્યાર સુધી ઘર, ઓફિસ જેવી મિલકતોના ટેક્સબીલની આકારણી મ્યુનિસિપલ તંત્રના ટેક્સ વિભાગ દ્વારા કરવામાં આવતી હોય છે જેમાં દર વર્ષે કેટલાય વાંધાઓ ઉઠે છે. હજારો રૂપિયાનું ટેક્સબીલ લાખોમાં ફટકારીને શહેરીજનોને હેરાન-પરેશાન કરવામાં આવે છે. પરંતુ આવું ન થાય તે માટે હવે અમદાવાદીઓને પણ સેલ્ફ એસેસમેન્ટ સિસ્ટમ મુજબ ઓનલાઈન ટેક્સ ભરવાની સગવડ આપવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશનના તંત્ર દ્વારા આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬થી સેલ્ફ એસેસમેન્ટની દિશાના ચક્રો ગતિમાન કર્યા છે. જેથી શહેરીજનોને આ મુશ્કેલીમાંથી છુટકારો મળી જશે. મ્યુનિસિપલ કમિશ્નર ગુરૂપ્રસાદ મહાપાત્રએ પોતાના ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ના રૂા. ૪૯૦૧ કરોડના ડ્રાફ્ટ બજેટમાં શહેરીજનો માટે અનેક પ્રકારની યોજના જાહેર કરી છે. કમિશ્નર મહાપાત્રના ટેક્સ રિફોર્મ્સમાં ઈન્કમટેક્ષ, સેલ્ફ ટેક્ષ જેવા મુખ્ય ટેક્ષમાં કરદાતા જાતે આકારણી કરીને વેરાની ચુકવણી કરે છે જ રીતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સેલ્ફ એસેસમેન્ટ સિસ્ટમનો અભ્યાસ કરવામાં આવશે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુરના ગઠામણ ગામે ૧૧મો સમૂહ લગ્નોત્સવ યોજાયો

પાલનપુરમાં ગઠામણ પાટીયા નજીક ટેબાવાળી સધી માતાજીના મંદિરે ૧૧મો સમુહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં સમાજના ૩૨ નવ યુગલોએ અગ્નિની સાક્ષીએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. આ પ્રસંગે સમાજ દ્વારા તેમજ અન્ય દાતાઓના દાનથી કન્યાઓને ભેટ સોગાદો આપવામાં આવી હતી. આ પ્રસંગે , પુર્વ રાજ્ય સભાના સાંસદ નટુજી હાલાજી ઠાકોર, મંત્રી લીલાધર વાઘેલા, બનાસકાંઠા જીલ્લાના સાંસદ હરિભાઈ ચૌધરી, દિયોદરના ધારાસભ્ય કેશાજી ચૌહાણ, પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ, ધાનેરાના ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ,, સેનજીભાઈ દેલવાડીયા, લગ્નોત્સવ સમિતના પ્રમુખ બાબુભાઈ ગાલવાડીયા, મંત્રી દિનેશભાઈ છાપીયા સહિત ઠાકોર સમાજના અગ્રણીઓ તેમજ સમાજના જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

## યુવતીની છેડતી કરનાર શખ્સને પોલીસે ઝડપ્યો

અમદાવાદ, તા.૧૦

શહેરના દાણીલીમડા રોડ પરથી પસાર થઈ રહેલ યુવતીને અશ્લીલ ચેનચાળા કરીને ધક્કો મારનાર શખ્સને પોલીસે પકડી પાડ્યો છે. આ મામલે પોલીસે બંને પક્ષોના નિવેદન લઈ વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, શહેરના સેટેલાઈટ વિસ્તારમાં રહેતી યુવતી થોડા દિવસ અગાઉ પોતાના વ્હીકલ પર દાણીલીમડાથી જઈ રહી હતી તે દરમ્યાન એક કારચાલકે તે યુવતીને અશ્લીલ ઈશારા કર્યા. આ વાતનો વિરોધ ઉઠાવતા યુવતીને આંતરીને કારચાલક યુવકે તેને જોરદાર ધક્કો માર્યો. તેથી યુવતી તરત જ જમીન પર ઢળી પડી અને મિનિટોમાં જ તે યુવક ત્યાંથી રફુચક્કર થઈ ગયો.

# વિઝાના બહાને છેતરપીંડી કરનારની આખરે ધરપકડ

## વિદેશ મોકલવાની લાલચ આપીને નાણાં પડાવાયા હતા પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી

અમદાવાદ, તા.૧૦

વિઝા આપીને વિદેશ મોકલવાની લાલચ આપી લોકો સાથે છેતરપિંડી કરનાર શખ્સની આખરે ધરપકડ કરી લેવાઈ હતી. ૪૩ જેટલા લોકો ભોગ બન્યા હોવાની શંકા સેવાઈ રહી છે. ન્યુઝીલેન્ડ, કેનેડા તથા ઓસ્ટ્રેલીયાના વર્કપરમીટ વિઝા અપાવવાના બહાને લાખોની છેતરપીંડી કરનાર શખ્સની અંતે અમદાવાદ ક્રાઈમબ્રાન્ચે ધરપકડ કરી છે. ત્રિદેવ મેનેજમેન્ટ (વિઝા કન્સલ્ટન્સી)ના પ્રોપરાઈટર જનક પટેલની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

આરોપી પ્રિયાંશી ઉર્ફે પ્રિયંકા વાણા તથા જનક અંબાલાલ પટેલએ અમદાવાદ ખાતે ત્રિદેવ મેનેજમેન્ટના નામે હંગામી ઓફીસ ખોલી હતી. આ ઓફિસ અંગેની એક પેપરમાં ક્લાસીફાઈડ જાહેરાત આપવામાં આવી હતી. ઓફિસમાં આવતા વિદેશવાચ્છુઓને ન્યુઝીલેન્ડ, કેનેડા તથા ઓસ્ટ્રેલીયાના વર્કપરમીટ વિઝા અપાવવા બહાને લાખો રૂપિયા પડાવીને છેતરપીંડી કરતા હતા. જ્યાં આ મામલે ૬ મે, ૨૦૧૩ના રોજ નવરંગપુરા પોલીસ મથકમાં તેઓ વિરૂદ્ધ છેતરપિંડીનો ગુનો દાખલ થયો હતો. પોલીસને તપાસ દરમિયાન ત્રદેવ મેનેજમેન્ટમાં વર્ક પરમીટના વિઝાના કામ પેટે નાણા આપ્યા બાદ જેઓના કામ થયા નહોતા તેવા ૪૩ જેટલા ભોગ બનનાર ઈસમોનાં મોબાઈલ નંબરો મળી આવ્યા હતા. જેના આધારે તપાસ કરતાં અત્યાર સુધીમાં આરોપી જનક પટેલે કુલ ૩૪ લોકોના રૂા. ૧૮,૨૩,૦૦૦ પડાવી પાડ્યા હોવાનું જાણવા મળ્યું છે. પકડાય આરોપી જનક પટેલને વર્ષ-૨૦૧૨માં ધંધામાં દેવું થતાં તેને ઘરમાંથી કાઢી મુકવામાં આવ્યો હતો. બાદમાં ભાડેથી અલગ ઘર લઈને મુંબઈમાં ભાડેથી ઓફિસ રાખી ત્રિદેવ મેનેજમેન્ટના નામથી વિઝા કન્સલ્ટન્સીનું કામ શરૂ કર્યું હતું. આરોપી જનકના વિરૂદ્ધમાં મુંબઈ ખાતે ઓસીવાળા પોલીસ સ્ટેશનમાં આ પ્રકારનો ગુનો દાખલ થયેલ છે.



ગુજરાત રાજ્ય એસ.ટી. તંત્ર દ્વારા ખેડબ્રહ્માથી લુણાવાડા અને ભૂજ વચ્ચેના રૂટની નવીન બે બસોનો પ્રારંભ કરતા મુસાફરોમાં આનંદની લાગણી છવાઈ છે. આ બસ ખેડબ્રહ્માથી લુણાવાડા વાયા ઈડર ભીલોડા અને મોડાસા પહોંચશે. જ્યારે ખેડબ્રહ્માથી ભુજ વાયા અમદાવાદ વચ્ચે દોડશે. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ભિલોડા તાલુકાના ધનસોર ગામમાં ઈસમે ગળે ફાંસો ખાઈ જીવનલીલા ટુંકાવી

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધનસોર ગામમાં ઈસમે ગળે ફાંસો ખાઈ જીવનલીલા ટુંકાવી દેતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. સરવસ્વતીબેન બલાતના જણાવ્યા મુજબ ધનસોર ગામના મણીલાલ ચોલવીયાના લગ્ન હતા. દિકરાના લગ્ન નિમિત્તે યુવકના પિતા ચિંતીત હતા પરંતુ મણીલાલના પિતા રત્નાજી ચોલવીયાની આર્થિક પરીસ્થિતી ડામાડોળ હતી ત્યારે એકા-એક તેમના મનમાં લાગી આવતા ૪૫ વર્ષીય રત્નાજી સળુજી ચોલવીયાએ તેમના ઘરના દોરીયા ઉપર સાડી બાંધી ગળે ફાંસો ખાઈ જીવનલીલા ટુંકાવી દેતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા તાલુકાના ધનસોર ગામના વિશ્રામભાઈ ચોલવીયાએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે ગુનો દર્જ કરી ધારા-ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે. ભિલોડા તાલુકાના ધનસોર ગામના રત્નાજી ચોલવીયાના ઘરની આર્થિક પરીસ્થિતી ડામાડોળ હોવાના કારણે ગળે ફાંસો ખાઈ જીવનલીલા ટુંકાવી દેતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન